नए समाज की ओर
Towards a new dawn

**“ બેટી બચાઓ બેટી પઢાઓ ” The Daughter of New India**

**તાલુકા લેવલે સેન્સેટાઈઝેશન વર્કશોપ**

**તાલુકો : કડી**

**તાઃ ૦૬.૧૦.૨૦૧૭ શુક્રવાર**

**સ્થળ : એમ. એમ. પટેલ કોન્ફરન્સ હોલ, એસ. વી. કોલેજ ઓફ એજ્યુકેશન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંકુલ, રેલ્વે સ્ટેશન પાસે, કડી.**




**મંચસ્થ મહાનુભાવો ડાબેથી શ્રીમતી રેખાબેન જોષી (સીડીપીઓશ્રી, કડી), ડૉ. શ્રી ભાવિકભાઈ શાહ (પ્રિન્સીપાલશ્રી, એસ. વી. કોલેજ, કડી), ડૉ. શ્રી અમરભાઈ વ્યાસ (સ્થાપકશ્રી, યંગ સીટીઝન, મહેસાણા), ડૉ. શ્રી વિષ્ણુભાઈ પટેલ (આરસીએચઓશ્રી, અને ઈ.પી.ઓ. આઈસીડીએસ, જીલ્લા પંચાયત, મહેસાણા), ડૉ. શ્રી મણિભાઈ પટેલ (મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી), શ્રીમતી આયેશાબેન પટેલ (ચેરમેનશ્રી, પીસી એન્ડ પીએનડીટી કમિટી, મહેસાણા), શ્રીમતી કોકિલાબેન સોલંકી (ટીએચઓશ્રી, કડી), ડૉ. શ્રી બાબુલાલ પટેલ (પ્રિન્સીપાલશ્રી, સુરજ બા બી. એડ. કોલેજ, કડી), ડૉ. શ્રી ભાવેશભાઈ, (ટીએચઓ ઓફિસ, કડી), શ્રીમતી જયોત્સનાબેન પ્રજાપતી (સીડીપીઓશ્રી, કડી)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| યંગ સીટીઝન મહેસાણા | પોલીસ વિભાગ મહેસાણા | પંચાયતી રાજ મહેસાણા | જિલ્લા શિક્ષણ વિભાગ, મહેસાણા | જિલ્લા આરોગ્યતંત્ર મહેસાણા | આઇસીડીએસ, વિ. (WCD) મહેસાણા |

- ## બેટી બચાવો-બેટી પઢાવો પ્રોજેક્ટ વિશેઃ-
- ## "બેટી બચાવો-બેટી પઢાવો" કાર્યક્રમ સંદર્ભે પસંદ કરેલ ગુજરાત રાજ્યના જિલ્લાઓ

| No. | District | Child Sex Ratio (0 to 6 age Group) | | Literacy Rate | |
|---|---|---|---|---|---|
| | | 2001 | 2011 | 2001 | 2011 |
| 1 | સુરત | 859 | 836 | 77.62 | 86.65 |
| 2 | મહેસાણા | 801 | 845 | 75.24 | 84.26 |
| 3 | ગાંધીનગર | 816 | 847 | 75.93 | 85.78 |
| 4 | અમદાવાદ | 835 | 859 | 79.62 | 86.65 |
| 5 | રાજકોટ | 854 | 854 | 74.16 | 82.20 |
| 6 | આણંદ | 849 | 877 | 74.51 | 85.79 |
| 7 | પાટણ | 865 | 884 | 60.36 | 73.47 |
| 8 | અમરેલી | 892 | 879 | 66.09 | 74.49 |
| 9 | ભાવનગર | 881 | 885 | 66.20 | 76.84 |
| | મહેસાણા અર્બન | 751 | 794 | | |

પ્રાપ્તિસ્થાનઃ ભારતની વસ્તીગણતરી ૨૦૧૧ (પ્રોવીઝનલ ડેટા)

- **હેતુઃ-**

"બેટી બચાવો-બેટી પઢાવો" નો મુખ્ય હેતુ દીકરીના જન્મને વધાવવો અને તેને શિક્ષણ આપવું. આ યોજનાના હેતુ આ મુજબ છે.
૧. જાતિ આધારિત થતા સેક્સ સિલેકશનને અટકાવવું.
૨. સ્ત્રી બાળકીઓને જીવાડવી અને સંરક્ષણ આપવું.
૩. સ્ત્રી બાળકીને શિક્ષણ આપવું અને શિક્ષણમાં જોડવી.

**લક્ષ્ય જૂથઃ-**

**૧. પ્રાથમિકઃ-**

યુવાનો અને નવ પરણિત દંપતિ, સગર્ભા અને ધાત્રીમાતા, પરિવારના સભ્યો

**૨. માધ્યમિકઃ-**

યુવાનો, તરુણ(પુરૂષ અને સ્ત્રી), મેડિકલ ડોકટર, પ્રેકટીસનર, પ્રાઇવેટ હોસ્પિટલ, નર્સિંગ હોમ, ડાયગ્નોસ્ટીક સેન્ટર

**૩. ટર્સરીઃ-**

સરકારીઅધિકારીઓ, પી. આર. આઇ, મહિલાઓ, મુખ્યકાર્યકર્તા, એસ. એચ. જી, ધાર્મિક નેતાઓ, એન. જી. ઓ, મીડિયા, મેડિકલ એસોસીએશન, ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન

- **કંપોનન્ટસ(ઘટકો):-**

**૧. અભિયાન "બેટી બચાવો-બેટી પઢાવો" :**

"બેટી બચાવો-બેટી પઢાવો" અભિયાન આખા દેશમાં શરુ થયું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ દેશમાં છોકરીઓ જન્મ લઇ શકે અને ભણી શકે તેવું વાતાવરણ ઊભું થાય તે છે. જેમાં આ દીકરીઓને કોઇ જાતના દુર્વ્યવહાર વગર તેમજ તેમને સમાન અધિકારો મળવા જોઇએ. આ અભિયાનનો પ્રચાર પ્રસાર રેડિયો, ટેલીવિઝન, પ્રિન્ટ મીડિયા, પ્રદર્શન તેમજ સોશીયલ મીડિયામાં વોટસઅપ, ફેસબુક, યુટયુબ, વેબસાઇટ, માયજીઓવી, વિકાસપીડિયા, વેબસાઇટ ઓફ મીનીસ્ટરી વુમન એન્ડ ચાઇલ્ડ ડેવલોપમેન્ટ, પેમ્ફલેટ, એસ. એમ. એસ. કેમ્પેઇન બ્રોસર, ઈમેલ દ્વારા પ્રચાર પ્રસાર કરવો.

**૨. "બેટી બચાવો-બેટી પઢાવો" ઝુંબેશમાં જુદા જુદા વિભાગોને સાંકળવા.**

મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા દેશના દરેક રાજ્યમાં જ્યાં સી. એસ. આર. ઓછો છે તેવા જિલ્લાઓમાં પધ્ધતિસરનું ઇન્ટરવેન્શન શરુ કરવામાં આવેલ છે. જેમાં મહત્વના વિભાગ તરીકે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ, પંચાયત વિભાગ, પોલીસ વિભાગ તેમજ અન્ય લાઇન ડીપાર્ટમેન્ટને સાંકળીને સી. એસ. આર. વધારવાનો પ્રયાસ કરવાનો છે.

## • <u>કાર્યક્રમમાં પ્રાપ્ત કરવાના લક્ષ્યાંકઃ–</u>

- નક્કી કરેલા જિલ્લાઓમાં જન્મ સમયે જાતિ પ્રમાણ દર વર્ષ ૧૦ પોઇન્ટ વધવો જોઈએ.
- બાળ મૂત્યુદર ઘટાડવો.
- દીકરીઓમાં ન્યુટ્રીશનનું પ્રમાણ વધારવું, ઓછુ વજન વાળી બાળકીઓમાં વજન વધે તેવો પ્રયાસ કરવો અને પાંચ વર્ષથી નાની બાળકીઓને કુપોષણમાંથી બહાર લાવવી.
- આઇ.સી.ડી.એસ.સ્કીમનો પ્રચાર–પ્રસાર વધારવો તેમજ દીકરીઓને પૂરતું મહત્વ મલે,સંભાળ લેવાય તેવા પ્રયાસ કરવા.
- દીકરીઓ શાળામાં જતી થાય,અભ્યાસ કરતી થાય તેવા પ્રયાસ કરવા.
- દરેક શાળામાં દીકરીઓ માટે અલગ ટોઇલેટ વ્યવસ્થા ઊભી કરવી.
- સી.એસ.આર.વધારવા તેમજ દીકરીઓને શિક્ષણ મળે તે હેતુથી ચુંટાયેલા પ્રતિનિધીઓ તેમજ સ્થાનિક આગેવાનોને અભિયાન સાથે જોડવા.
- PC & PNDT એકટની સમજ વધારવી.

## • <u>યોજનાનું માળખુંઃ–</u>

૧. “બેટી બચાવો–બેટી પઢાવો” યોજના સેન્ટ્રલ સેકટર સ્કીમ(સી.એસ.એસ) છે. આ યોજના રાજ્યો દ્વારા તેનો અમલ કરવામાં આવે છે.ભારત સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ(ડબલ્યુ.સી.ડી) દ્વારા સંચાલિત છે.

૨. જિલ્લા કક્ષાએ આ યોજનાના અમલીકરણ માટે કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને ટાસ્ક ફૉર્સ કમિટીની ની રચના કરી ડિસ્ટ્રીક પ્રોગ્રામ ઓફિસર આઇ.સી.ડી.એસ. દ્વારા કાર્યક્રમનો અમલ થશે.

૩. આ યોજનાનો અમલ આઇ.સી.ડી.એસ.વિભાગ દ્વારા જિલ્લા,તાલુકા અને ગ્રામ્યવિસ્તાર સુધી આરોગ્ય,શિક્ષણ અને પંચાયતીરાજ વિભાગ દ્વારા મુદ્દાને મુખ્ય ધારામાં લાવવાનો છે.

## • <u>પુર્વભૂમિકા</u>ઃ–

**તા. ૦૬.૧૦.૨૦૧૭ ના રોજ “ બેટી બચાઓ - બેટી પઢાઓ ”** The Daughter of New India **સંવેદનશીલ કાર્ય શિબિર, એમ. એમ. પટેલ કોન્ફરન્સ હોલ, એસ. વી. કોલેજ ઓફ એજયુકેશન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંકુલ, રેલ્વે સ્ટેશન પાસે, કડી ખાતે કરવામાં આવી. જેમાં આઈસીડીએસ વિભાગ, આરોગ્ય વિભાગ, એસ. વી. કોલેજ ઓફ એજયુકેશન માં ભણતી બી.એડ. ની વિદ્યાર્થીનીઓ, કોલેજના પ્રિન્સીપાલશ્રી, તેમજ અધ્યાપકગણ, તથા યંગ સીટીઝન, મહેસાણા, પીસી એન્ડ પીએનડીટી કમિટી, મહેસાણા, ના પદાધિકારીશ્રી તથા પ્રતિનિધીઓ હાજર રહેલ હતા.**

**<u>ડો. શ્રી બાબુલાલ પટેલ (પ્રિન્સીપાલશ્રી, સુરજ બા બી. એડ. કોલેજ કડી)</u>**




**ડો. શ્રી બાબુલાલ પટેલ (પ્રિન્સીપાલશ્રી, સુરજ બા બી. એડ. કોલેજ કડી) દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. અને તેમાં “ બેટી બચાઓ બેટી પઢાઓ ” ના સંવેદનશીલ કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી હતી તેમજ તે અંગે માહિતી આપી હતી. સમગ કાર્યક્રમનું સંચાલન કરવામાં તેમના કોલેજના પ્રાધ્યાપિકા બેન શ્રીમતી ડો. રંજનબેન ચૌધરી એ સુંદર સહયોગ પૂરો પાડેલ હતો.**

## દિપ પ્રાગટય, પ્રાર્થના  અને મહેમાનશ્રીઓનું સ્વાગત :

કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનશ્રીઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું. ત્યારબાદ પધારેલ દરેક મહેમાનોનું પુષ્પગુચ્છ તથા એસ. વી. કોલેજ ઓફ એજયુકેશન માં ભણતી બી.એડ. ની વિદ્યાર્થીનીઓ દ્વારા બનાવવામાં આવેલ પ્રતિકૃતિથી સ્વાગત કરવામાં આવ્યું, તથા દરેક મહેમાનોનું શિક્ષણ, સમાજ, તથા આરોગ્ય ક્ષેત્રે તેઓએ આપેલ તેમના આગવા પ્રદાન માટે કોલેજના પ્રાધ્યાપિકા બેન શ્રીમતી ડો. રંજનબેન ચૌધરી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કાર્યક્રમમાં એસ. વી. કોલેજ ઓફ એજયુકેશન માં ભણતી બી.એડ. ની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના ગાઈને શરૂઆત કરવામાં આવી.




વિધાર્થીનીઓ દ્વારા પ્રાર્થનાથી શરૂઆત



ડો. શ્રી મણિભાઈ પટેલ, મંત્રીશ્રી, નું સ્વાગત શ્રી પ્રકાશભાઈ એ કર્યુ.

## મહેમાનશ્રીઓનું સ્વાગતઃ




ડૉ. શ્રી અમરભાઈ  વ્યાસ (સ્થાપકશ્રી, યંગ સીટીઝન, નું સ્વાગત ડૉ. શ્રી ભાવિકભાઈ શાહ એ કર્યુ.



ડૉ. શ્રી વિષ્ણુભાઈ  પટેલ (આરસીએચઓશ્રી, નું સ્વાગત ડૉ. શ્રી બાબુભાઈ પટેલ એ કર્યુ.

**<u>પ્રાસંગિક પ્રવચન:-</u>**

<u>ડૉ. અમર વ્યાસ (સ્થાપકશ્રી, યંગ સીટીઝન, મહેસાણા) :-</u>



ડૉ. અમર વ્યાસ



ડૉ. અમર વ્યાસ

ધી યંગ સીટીઝન ઓફ ઈન્ડિયા ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા ના સ્થાપક, ડૉ. શ્રી અમરભાઈ વ્યાસ સાહેબે પ્રવચનની શરૂઆત એક ધારદાર શેરથી કરી,

**" કુછ તો ફુલ ખિલાએ હમને, કુછ તો ફુલ ખિલાને હૈ,**
**મુશ્કિલ હૈ અભી બહોત, ક્યોંકી, બાગોંમેં કાંટે અભી પુરાને હૈ ! "**

શ્રી ડૉ. અમરભાઈ વ્યાસ સાહેબે દેશ આઝાદ થયા પહેલા દેશની સંસ્કૃતિમાં, સમાજ વ્યવસ્થામાં જે કુરીવાજો હતા, જેવાકે, પતિ પાછળ સ્ત્રીને બાળી નાંખવાની સતીપ્રથા હતી, દિકરીને દૂધ પીતી કરવામાં આવતી, બાળ લગ્નનું પ્રમાણ હતું, સ્ત્રી વિધવા થાય તો ફરીથી વિવાહ ન કરી શકે, આ બધા કુરિવાજો જે તે વખતના સમાજ સુધારકો દ્વારા બંધ કરાવવામાં આવ્યા, તેની યાદ કરાવીને વિધાર્થીનીઓ સમક્ષ એક વેધક પ્રશ્ન મૂકયો, શું એ વખતના સમાજના એ લોકોને આપણે માફ કરી શકીએ? વિધાર્થીનીઓ તરફથી જવાબ આવ્યો, " ના ", તો પછી અત્યારના સમાજમાં આજે બાળકીને ગર્ભમાં જ મારી નાંખવામાં આવે, બાળકીને જીવનમાં અવતરવા દેવામાં જ ન આવે તો તેવા સમાજને આપણી આવનારી પેઢી માફ કરશે? એવા સંવેદનશીલ પ્રશ્નથી ધારદાર રજૂઆત કરી વિધાર્થીનીઓના માનસમાં સકારાત્મક ભાવના જગાડવાનો પ્રયત્ન કર્યો. બીજું એમણે **જ્ઞાન, અભિગમ અને વ્યવહાર** એ ત્રણ બાબતોની છણાવટ એવી રીતે રજૂ કરી કે, ભવિષ્યમાં તમારી સમક્ષ આવો પ્રશ્ન આવે તો, તેની સામે તમો આનો વિરોધ કરી શકો તે માટે આ બાબતનું જ્ઞાન હોવું જરૂરી છે, જ્ઞાન હશે તો તમને તે બાબતનો ખરેખર હકારાત્મક અભિગમ આવશે, કે મારે આવું નથી કરવું, અને બંનેને તમો જાણી લેશો તો તમારા જીવનમાં કદાચ આવનારા એ પ્રશ્નનને તમે સામેના માણસને સકારાત્મક ખ્યાલ આપી એને વ્યવહારમાં મૂકી શકશો, કે આવું તો હું નહી જ કરું. આ પ્રકારની જાણકારીથી આપણા દેશમાં, રાજયમાં અને શહેરમાં દીકરીઓનું પ્રમાણ વધ્યું છે. તે મુજબ ૦ થી ૬ વર્ષની વયજૂથમાં ૨૦૦૧ માં ૧૦૦૦ છોકરાની સામે છોકરીઓની સંખ્યા ૮૦૧ ની હતી, જેમાં આ પ્રમાણેના અભિયાનથી ૨૦૧૧ માં ૧૦૦૦ છોકરાની સામે છોકરીઓની સંખ્યા વધીને ૮૪૫ ની થઈ હતી. જે ખરેખર સકારાત્મક પ્રયાસ સાબિત થયેલ છે. અને આમાં બધાની ભાગીદારીથી આ શકય બનેલ છે, જેમાં ડૉ. શ્રી વિષ્ણુભાઈ પટેલ આરસીએચઓશ્રી, અને ઈ.પી.ઓ. આઈસીડીએસ, આરોગ્ય વિભાગ, જીલ્લા પંચાયત, મહેસાણા, શ્રીમતી આયેશાબેન પટેલ ચેરમેનશ્રી, પીસી એન્ડ પીએનડીટી કમિટી, મહેસાણા, તાલુકા અને જીલ્લા લેવલેના ટીએચઓશ્રી, તથા સીડીપીઓશ્રી, સર્વેનો સુગમ સાથ અને સહકારથી આ બાબતની એક સઘન ચળવળની શરૂઆત કરી છે, કોઈ એક વ્યકિતથી આ શકય નથી, એવું એમણે જણાવ્યુ. આ મુદ્દાને ધર્મની સાથે જોડતા એમણે ભારતમાં સૌથી પહેલા મહેસાણા શહેરમાં કર્મકાંડી બ્રાહ્મણો અને જયોતિષ સાથે એક શિબિર કરી સપ્તપદીની સાત પ્રતિજ્ઞાઓ પછી આઠમી પ્રતિજ્ઞા આ લેવરાવવી કે અમે ગર્ભ પરિક્ષણ કરાવીશું નહી. તદુપરાંત, આ મુદ્દાના ઉકેલ માટે બીજી વાત એ કરી કે, આ વખતના વિધાનસભાની ચૂંટણીના એજન્ડામાં પણ આ બાબતના મુદ્દાને ધ્યાનમાં લેવા માટે કહેવાનું છે. છેલ્લે એમણે બહુ સરસ કહ્યુંકે, **"બેટી કો બચાએંગે, બેટી કો પઢાએંગે, બેટી હૈ ઘર કા માન, યે સબકો બતાયેંગે. "**

## <u>પ્રાસંગિક પ્રવચનઃ-</u>

<u>ડૉ. શ્રી વિષ્ણુભાઈ પટેલ (આરસીએચઓશ્રી, અને ઈ.પી.ઓ. આઈસીડીએસ, જીલ્લા પંચાયત, મહેસાણા)</u>




" બેટી બચાઓ બેટી પઢાઓ " ના સંવેદનશીલ કાર્યક્રમ અંગેની માહિતી આપતા મહેસાણા, આરોગ્ય વિભાગના આરસીએચઓશ્રી, ડૉ. શ્રી વિષ્ણુભાઈ પટેલ સાહેબે જણાવ્યું કે , ભારતના ૧૦૦ જીલ્લાના સેક્સ રેશીઓના એક અભ્યાસમાં ગુજરાતના જીલ્લા પૈકી મહેસાણાનો પણ સમાવેશ કરવામાં થયેલ છે, જેમાં છોકરીઓની સંખ્યા ઓછી છે, તે એક ગંભીર બાબત છે. આ બાબતની આંકડાકીય માહિતી આપી. દર વર્ષે ૧૧મી ઓકટોબર ના દિવસને **ઈન્ટર નેશનલ ગર્લ્સ ડે** તરીકે ઉજવવામાં આવે છે. જેમાં " બેટી બચાઓ બેટી પઢાઓ " ના સ્લોગન સાથે એક નવું સ્લોગન મૂકેલ છે. " The Daughter of New India" **"નવા ભારતની દિકરી "** નવા ભારતનો એક સંકલ્પ દિકરીને બચાવવાનો અને દિકરીને ભણાવવાનો સિધ્ધ કરવાનો મુખ્ય હેતુ છે. આ માટે સરકારે ૯ થી ૧૪ ઓકટોબર આ બાબતની સજાગતા વધારવા માટે સપ્તાહ ઉજવવાનું નક્કી કરેલ છે. આ માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધર્મગુરૂઓ, યુવા વર્ગ, રાજકીય ક્ષેત્ર તથા સામાજીક ક્ષેત્રના તમામ લોકો સાથે મળીને આહવાન કરવાનું છે. આરોગ્યની બાબતમાં કુપોષણ, ભ્રૂણ હત્યા, એચ.આઈ.વી. અને ટી.બી., ડાયાબીટીસ, સ્તન કેન્સર જેવા રોગો સળગતા પ્રશ્ન જેવા છે, એની વાત કરતા એમણે સૌથી વધુ ભ્રૂણ હત્યા પર ભાર આપીને કહ્યુંકે, લોકો આવનાર બાળક વિશે સોનોગ્રાફી કરાવીને જો છોકરી હોય તો તેને કાઢી નાંખવાનું કહેતા હોય છે. તે એક ગંભીર બાબત છે, અને આ પ્રકારના સોનોગ્રાફી કરનાર ડોકટર ઉપર તેઓ સરકાર દ્વારા સખત પગલાં પણ લે છે, તેની જાણકારી આપી. પીસી એન્ડ પીએનડીટી ના કાયદાની જાણકારી પણ તેઓએ આપી. સમાજમાં ઐતિહાસિક કક્ષાએ પહોંચેલી સ્ત્રીઓ જેમકે, ઈન્દિરા ગાંધી, સુનિતા વિલીયમ્સ, સાનીયા મિર્ઝા જેવા ઉદાહરણ આપીને તેઓએ વિદ્યાર્થીનીઓને આ બાબતે સજાગ થવાની વાત કરી.

## <u>પ્રાસંગિક પ્રવચનઃ-</u>

<u>શ્રીમતી આયેશાબેન પટેલ (ચેરમેનશ્રી, પીસી એન્ડ પીએનડીટી કમિટી, મહેસાણા)</u>




"બેટી બચાઓ બેટી પઢાઓ " ના સંવેદનશીલ કાર્યક્રમ અંગેની માહિતી આપતા શ્રીમતી આયેશાબેન પટેલ જણાવ્યું કે, આપણને આ દુનિયા બતાવનાર એ આપણી "મા " છે. વિદ્યાર્થીનીઓને તેમણે જણાવ્યુંકે, તમે અત્યારે ભલે નાની દિકરીઓ હોવ, બહેન હોવ, સ્ત્રી હોવ, પણ એક દિવસે તમારે પણ આ સ્ટેજમાંથી પસાર થવાનું છે. એટલે અગાઉ કહ્યુ તેમ, જ્ઞાન, અભિગમ અને વ્યવહાર એ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને આખી વાતનો સાર એક સારી મહિલા તરીકે ચરિતાર્થ કરવાનો છે. તે માટે આજના આ " બેટી બચાઓ બેટી પઢાઓ " ના સ્લોગનને ધ્યાનમાં રાખવાનો છે. "ભ્રૂણ હત્યા" ની વાત કરતા તેઓએ કહ્યુંકે આ કઈ વ્યકિતના મનમાં આવું આવ્યું હશે? કયાંથી આની શરૂઆત થઈ? આના ઉકેલ માટે ઘણા બધા પ્રયત્નો ચાલે છે. આ કોઈ વિચારો નથી, કોઈ વેદના નથી, આજની આ ખરેખર વાસ્તવિક પરિસ્થિતી છે, તેની સમજ આપતા તેઓએ કહ્યુંકે, આ બાબતની સમાજમાં સૂર્ય જેટલો તો નહી પણ એક નાના દિપક જેટલો તો પ્રકાશ આપવાની અમારી કંઈક કરી છૂટવાની ભાવના ધારણ કરેલ છે. આ માટે બધાએ સાથ અને સહકાર આપી અમારી સાથે જોડાવ એવું આહ્‌વાન કરેલ, અને આ માટે આપણે તેના પડકાર લેવા સક્ષમ બનવું પડશે.

**<u>પ્રાસંગિક પ્રવચનઃ-</u>**

**<u>ડૉ. શ્રી મણિભાઈ પટેલ (મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી)</u>**




**"બેટી બચાઓ બેટી પઢાઓ " ના સંવેદનશીલ કાર્યક્રમનું આયોજન જેમના ત્યાં કરવામાં આવ્યું હતુ, તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી ના મંત્રીશ્રી, ડૉ. શ્રી મણિભાઈ પટેલ સાહેબ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના વકતવ્યમાં તેમણે કહ્યું કે, સૌથી પહેલા આપણે બેટી બચાવીશું તો પછી આગળ બેટીને ભણાવવાની વાત આવશે. કોઈપણ વસ્તુના બે પલ્લા જો સરખા હશે તો સમાજમાં બેલેન્સ જળવાશે, એજ વાત મૂકીને એમણે પુરૂષની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે, તેવો વેધક પ્રશ્ન મૂકયો. એમણે કહ્યું કે, " દિકરી એ ગોડ ગિફ્ટ છે." આપણા પુરૂષ પ્રધાન સમાજમાં બેટીને વધાવીને સ્ત્રીને જોવાની નજર ઉણપવાળી છે, તેને બદલવી પડશે. જે ઘરમાં દિકરીનો, સ્ત્રીઓનો વાસ હશે, તેનું સન્માન થશે, ત્યાં ભગવાનનો પણ વાસ હશે. દિકરી બે કુળ તારે - કુંવારી હોય ત્યારે મા-બાપનું કુળ તારે અને પરણ્યા પછી પોતાના પતિનું - સાસરાનું કુળ તારે, આમ પોતાની જાત ઘસીને જે દિકરી પોતાના વ્યકિતત્વને નિખારતી હોય છે. એમણે કહ્યુંકે, પુરૂષ કરતાં સ્ત્રીનો સમાજમાં ડબલ રોલ છે, એટલે દિકરી વહાલ નો દરિયો છે, દિકરી મા-બાપના દુઃખની ભાગીદાર હોય છે, માટે દિકરીઓને વધાવીને, ભણાવીને આગળ લઈ જઈશું તો જ સમાજ આગળ વધશે. આમ કહીને આ કાર્યક્રમમાં ભાગ લીધેલ એસ. વી. કોલેજ ઓફ એજયુકેશન માં ભણતી બી.એડ. ની વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી, અને જીવનમાં તમારૂં નામ ઉજજવળ બને, ભવિષ્યમાં ખૂબજ આગળ વધો, અને ખૂબજ પ્રગતિ કરો એવા આશીર્વાદ આપ્યા.**




**યંગ સીટીઝન સંસ્થા તરફથી ડૉ. શ્રી અમરભાઈ વ્યાસ તથા પધારેલ મહેમાનો દ્વારા ડૉ. શ્રી મણિભાઈ પટેલને યાદગીરીરૂપે એક સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવ્યું હતું.**

**<u>આભાર વિધિ :</u>**




**અંતમાં એસ. વી. કોલેજ, કડી ના પ્રિન્સીપાલશ્રી, ડૉ. શ્રી ભાવિકભાઈ શાહ દ્વારા "બેટી બચાઓ બેટી પઢાઓ " કાર્યક્રમના આયોજન બદલ ડૉ. શ્રી બાબુભાઈ પટેલ અને એમાં સહભાગી થઈ સુંદર અને સચોટ વકતવ્ય અને માર્ગદર્શન આપવા અત્રે પધારેલ તમામ મહેમાનોનો હાર્દિક આભાર માનેલ હતો. તથા તમામે આપેલ સાથ સહકાર બદલ પણ સર્વેનો આભાર માનેલ હતો.**

શપથ:–







યંગ સીટીઝન સંસ્થા તરફથી  શ્રી લાભશંકર દવે  દ્વારા  કાર્યક્રમમાં ભાગ લીધેલ એસ. વી. કોલેજ ઓફ એજયુકેશનમાં ભણતી બી.એડ. ની વિદ્યાર્થીનીઓને તથા કાર્યક્રમમાં સહભાગી થવા અત્રે પધારેલ તમામ મહેમાનોને “બેટી બચાઓ બેટી પઢાઓ ” ના સંદેશના શપથ લેવડાવ્યા હતા.




*“ હું આજથી પ્રતિજ્ઞા લઉં છું કે,*
*હું મારા ઘરમાં, કુટુંબમાં, સમાજમાં, ગામમાં કે,*
*શહેરમાં થતી જાતી લીગ પરીક્ષણ અટકાવીશ,*
*સ્ત્રીઓના ગર્ભમાં આવનાર તમામ બાળકીઓને પૃથ્વી પર*
*અવતરવા માટે તક પૂરી પાડીશ અને આ અંગે જન જાગૃતિ*
*માટે સતત પ્રયત્નશીલ રહીશ. ”*


છેલ્લે કાર્યક્રમમાં ભાગ લીધેલ એસ. વી. કોલેજ ઓફ એજયુકેશનમાં ભણતી બી.એડ. ની વિદ્યાર્થીનીઓ તથા પધારેલ તમામ મહેમાનોએ ઊભા થઈ રાષ્ટ્રગીત  “જન ગણ મન અધિનાયક જય હે ” સમૂહમા ગાઇ  અને કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કરેલ હતો.

જન ગણ મન અધિનાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા,
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા, ઉચ્છલ,જલધિ તરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માંગે,
ગાહે તવ જય ગાથા,
જન ગણ મંગલ દાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા,
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે !
ભારત માતા કી જય !   વંદે માતરમ્ !

**“બેટી બચાઓ બેટી પઢાઓ ”  “બેટી બચાઓ બેટી પઢાઓ ” “બેટી બચાઓ બેટી પઢાઓ ”**

## આઇ.ઈ.સી.મટીરીયલ્સઃ-




બેટી બચાવો- બેટી પઢાવો પેમ્ફલેટ




બેટી બચાવો- બેટી પઢાવો બેગ





બેટી બચાવો- બેટી પઢાવો બેગ




બેટી બચાવો- બેટી પઢાવો માર્ગદર્શિકા









બેટી બચાવો- બેટી પઢાવો બેગબોલપેન




બેટી બચાવો- બેટી પઢાવો સ્ટીકર

# ફોટો ગેલેરી







શ્રીમતી આયેશાબેન પટેલનું સ્વાગત

શ્રીમતી રેખાબેન જોષીનું સ્વાગત







શ્રીમતી  જયોત્સનાબેન પ્રજાપતી નું સ્વાગત

ડૉ. શ્રી ભાવેશભાઈ નું સ્વાગત







ડૉ. શ્રી બાબુભાઈ પટેલ નું સ્વાગત

ડૉ. શ્રી ભાવિકભાઈ શાહ નું સ્વાગત







**એસ. વી. કોલેજ ઓફ એજયુકેશનમાં ભણતી  બી. એડ. ની વિદ્યાર્થીની બહેનો**




**<u>પધારેલ મહેમાનશ્રીઓ</u>**

